BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802

Year–07, Volume –07, Issue–01, March–2026

# તૈત્તિરીય ઉપનિષદ અને આધુનિક શિક્ષક-મૂલ્ય વિષયક સંકલ્પના: એક અધ્યયન

– ડૉ. સ્વાતિ એન. શાહ

**સારાંશ (Abstract):**

ભારતીય દાર્શનિક પરંપરામાં ઉપનિષદોએ શિક્ષકને આધ્યાત્મિક જ્ઞાન અને જીવનમૂલ્યોના પ્રસારક તરીકે માન્યતા આપી છે અને હંમેશાં અધ્યયન અને જ્ઞાન સંદર્ભે નૈતિક મૂલ્યો વિશે વિચારણા કરવામાં આવી છે. ભારતીય દાર્શનિક પરંપરામાં ઉપનિષદનો શિક્ષક પોતાના શિષ્યને આત્માનુશાસન, સત્યનિષ્ઠા, કર્તવ્યબોધ અને સ્વાધ્યાયના માર્ગે દોરી જાય છે. ડૉ. એસ. રાધાકૃષ્ણન કહે છે કે, The Upanishads insist on the importance of ethical life. (Radhakrishnan, S. (1923), 104) તત્કાલીન શિક્ષણવ્યવસ્થામાં શિક્ષક અને શિષ્ય; બન્નેમાં જ્ઞાનની સાથે સાથે નૈતિક મૂલ્યો હોય એ આવશ્યક ગણાયું છે અને આધુનિક શિક્ષણવ્યવસ્થામાં પણ શિક્ષકની ભૂમિકા માત્ર વિષયજ્ઞાનના પ્રસાર સુધી મર્યાદિત રાખવામાં આવી નથી, પરંતુ તેને નૈતિક નેતૃત્વ, માનવીય સંવેદના અને સામાજિક જવાબદારી સાથે જોડવામાં આવી છે.

તૈત્તિરીય ઉપનિષદમાં સત્ય, ધર્મ, તપ, સ્વાધ્યાય, આચાર અને સેવાભાવ (તૈત્તિ.ઉપ., 1-11) જેવા નૈતિક મૂલ્યો સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થાય છે. આ સંશોધન પત્રમાં તૈત્તિરીય ઉપનિષદના નૈતિક સિદ્ધાંતોનું વિશ્લેષણ કરીને તેમના આધારે આધુનિક સમયમાં શિક્ષકના વ્યાવસાયિક વિકાસ સંદર્ભે રહેલી ભૂમિકાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** શિક્ષક, વ્યાવસાયિક વિકાસ, ભારતીય નૈતિક મૂલ્યો, તૈત્તિરીય ઉપનિષદ, શીક્ષાવલ્લી, ભૃગુવલ્લી, સ્વાધ્યાય, સત્ય, ધર્મ.

---

## 1. પ્રસ્તાવના

શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ (TPD) એ શિક્ષણની ગુણવત્તાનો આધારસ્તંભ છે, કારણ કે શિક્ષક માત્ર વર્ગખંડની શિક્ષણપ્રક્રિયાને જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓની વ્યવસાયિક સફળતા અને સામાજિક પ્રગતિને પ્રભાવિત કરે છે. પરંપરાગત રીતે, શિક્ષકના વ્યવસાયિક વિકાસનું માળખું વ્યાવસાયિક જ્ઞાન, શૈક્ષણિક કૌશલ્ય, પરાવર્તનાત્મક અભ્યાસ (reflective practice) અને સહયોગી અધ્યયન સમુદાયો પર ભાર મૂકે છે.

પરંતુ વૈશ્વિક શિક્ષણપ્રણાલીઓ નૈતિક સિદ્ધાંતો વિશે દ્વિધા, વ્યવસ્થાથી ઉત્પન્ન થયેલો શિક્ષકોના થાક (burnout) અને વિખરાયેલ વ્યાવસાયિક ઓળખ જેવા પડકારોનો સામનો કરી રહી છે ત્યારે સમગ્રલક્ષી અને મૂલ્યઆધારિત અભિગમોની જરૂરિયાત વધુ સ્પષ્ટ બની છે. (Tyagi & Misra (2022), 142) પ્રાચીન ભારતીય પરંપરાઓ, ખાસ કરીને ઉપનિષદો, એક શાશ્વત દ્રષ્ટિ રજૂ કરે છે, જેમાં શિક્ષણ માત્ર વ્યવસાયિક

Chief – Editorial Board: Prof. Ami Upadhyay, Hon'ble Vice Chancellor, BAOU, Ahmedabad.
Editor: Prof. Yogendra Parekh

કૌશલ્ય પ્રાપ્ત કરી અર્થોપાર્જનની ક્ષમતા કેળવવાનો વિષય નથી, પરંતુ ચરિત્રનિર્માણ અને જ્ઞાન(પ્રજ્ઞા)પ્રાપ્તિ, સંસ્કારપ્રાપ્તિ અને સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે.

ઉપનિષદો એ ભારતીય જ્ઞાન પરંપરાના શ્રેષ્ઠ ગ્રંથો છે. તેની મહત્તા આપણને આર. ડી. રાનડેએ નોંધેલા આ વાક્ય દ્વારા જણાઈ આવે છે. Ram Mohan Roy felt his whole life transformed when he happened to read a page of the Isha Upanishad flying past him. (Ranade, R.D. (1926), 13) શોપેનહોઅર ઉપનિષદોને 'products of the highest wisdom' (Ausgeburt der hochsten Weisheit) ગણાવે છે. (MaxMuller, F. (1879), intro. lxii)

પ્રાચીન ઉપનિષદોની સંખ્યા તેરની દર્શાવવામાં આવી છે, જેમાં તૈત્તિરીય ઉપનિષદ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**2. સાહિત્ય-સમીક્ષા**

તૈત્તિરીય ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદ સાથે સંકળાયેલું ઉપનિષદ છે અને તે ભારતીય દાર્શનિક પરંપરાનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. આ ઉપનિષદ મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વિભાજિત છેઃ શીક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી.

ભારતીય શિક્ષણ પરંપરામાં શિક્ષકને 'ગુરુ' તરીકે માન આપવામાં આવ્યું છે, જે માત્ર શિક્ષણ આપનાર નહીં, પરંતુ જીવન માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. ઉપનિષદોમાં શિક્ષક–શિષ્ય પરંપરા દ્વારા જ્ઞાન સાથે મૂલ્યોનું સંક્રમણ થાય છે. તૈત્તિરીય ઉપનિષદમાં દર્શાવેલ '**आचार्य देवो भव**'-(તૈત્તિ.ઉપ. 1.11)નો આ સિદ્ધાંત શિક્ષકના જીવનમાં આચાર, વિચાર અને વ્યવહારની સમાનતા અથવા એકત્વ પર ભાર મૂકે છે. આ દૃષ્ટિએ, ઉપનિષદીય વિચારધારા શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે મૂલ્યઆધારિત માળખું પ્રદાન કરે છે.

આજના વૈશ્વિકીકરણ અને ટેકનોલોજી આધારિત અધ્યયન-અધ્યાપનના અને સ્પર્ધાત્મકતાના યુગમાં શિક્ષક પાસે બહુ અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે શિક્ષક માટે નૈતિક દઢતા જાળવવી એ એક પડકારરૂપ કાર્ય બની ગયું છે. આ સંદર્ભમાં પ્રાચીન ભારતીય ગ્રંથો, ખાસ કરીને તૈત્તિરીય ઉપનિષદ, શિક્ષકની નૈતિકતા માટે દિશાસૂચક બની શકે તેમ છે. આ સંશોધનનો હેતુ તૈત્તિરીય ઉપનિષદના મુખ્ય નૈતિક મૂલ્યોને ઓળખી તેમને આધુનિક શિક્ષકના વ્યાવસાયિક વિકાસ સાથે સંકલિત કરવાનો છે.

**3. ઉદ્દેશ**

- તૈત્તિરીય ઉપનિષદમાં પ્રતિપાદિત શિક્ષણસંબંધિત મૂલ્યો (જેમ કે સત્ય, ઋત, ધર્મ, સ્વાધ્યાય, આચાર, શિસ્ત)નું અભ્યાસપૂર્ણ નિરીક્ષણ કરવાનો છે.
- તૈત્તિરીય ઉપનિષદના શિક્ષક–શિષ્ય સંબંધ (ગુરુ-શિષ્ય પરંપરા)ને આધુનિક શિક્ષણના વ્યાવસાયિક વિકાસના સંદર્ભમાં સમજવાનો તથા તેનાં શિક્ષકમૂલ્ય વિશે સમજવાનો છે.

**4. સંશોધનપદ્ધતિ અને અભ્યાસની પરિસીમા**

આ અભ્યાસ ગ્રંથઆધારિત વિશ્લેષણ અને અર્થઘટન પર આધારિત છે. આ અભ્યાસમાં તત્કાલીન અને સમકાલીન સાહિત્યની સમીક્ષા કરવામાં આવી છે. તૈત્તિરીય ઉપનિષદના મૂળ સંસ્કૃત પાઠ અને માન્ય

અંગ્રેજી અને ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે સાથે શિક્ષક-વિકાસ, મૂલ્યઆધારિત શિક્ષણ અને નૈતિક નેતૃત્વ વિષયક આધુનિક સંશોધન લેખો અને દસ્તાવેજોનો સંદર્ભ લેવાયો છે.

અભ્યાસની પરિસીમા તૈત્તિરીય ઉપનિષદનાં શીક્ષાવલ્લી અને ભૃગુવલ્લી પુરતી મર્યાદિત રાખવામાં આવી છે, કારણ કે શીક્ષાવલ્લીમાં શિક્ષણ અને આચાર સંબંધિત સ્પષ્ટ નિર્દેશો ઉપલબ્ધ છે અને ભૃગુવલ્લીમાં પિતા અને ગુરુ વરુણ; પુત્ર અને શિષ્ય ભૃગુને જ્ઞાન આપે છે. આ અભ્યાસનો ઉદ્દેશ ઐતિહાસિક કે ભાષાશાસ્ત્રીય વિશ્લેષણ નહીં, પરંતુ શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે ઉપનિષદીય મૂલ્યોની પ્રાસંગિકતા દર્શાવવાનો છે.

**5. શિક્ષણ અને મૂલ્યો**

શિક્ષણ કોઈપણ સમાજના બૌદ્ધિક, સાંસ્કૃતિક અને નૈતિક વિકાસનો આધારસ્તંભ છે. સમાજમાં મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન મુખ્યત્વે શિક્ષણ દ્વારા શક્ય બને છે અને આ પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા કેન્દ્રસ્થાને રહેલી છે. આધુનિક સમયમાં શિક્ષકને જ્ઞાનપ્રસારક, સંશોધક, માર્ગદર્શક, પરામર્શદાતા અને નૈતિક આદર્શ તરીકે જોવામાં આવે છે, તેથી શિક્ષકના વ્યાવસાયિક વિકાસનો અર્થ માત્ર પેડાગોજિકલ કુશળતા અથવા વિષયજ્ઞાનની સમૃદ્ધિ સુધી સીમિત નથી, પરંતુ તે નૈતિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ સાથે પણ જોડાયેલો છે.

ઉપનિષદો એ ભારતીય જ્ઞાન પરંપરા શ્રેષ્ઠ ગ્રંથો છે. Upanisads are the scriptures par excellence of Hinduism. (Olivelle, P. (1996), 26). ડૉ. રાધાકૃષ્ણ લખે છે કે ઉપનિષદો માનવ આત્માના એક અતિ મહાન પ્રકરણની અભિવ્યક્તિ છે અને છેલ્લા 3000 વર્ષોથી ભારતીય ધર્મ, દર્શન અને જીવન પર પોતાનું વર્ચસ્વ દર્શાવ્યું છે.' (Dave, K. (1986), 1) પ્રાચીન ઉપનિષદોની સંખ્યા તેરની દર્શાવવામાં આવી છે, જેમાં તૈત્તિરીય ઉપનિષદ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ભારતીય શિક્ષણ પરંપરામાં શિક્ષકને 'ગુરુ' તરીકે માન આપવામાં આવ્યું છે, જે માત્ર શિક્ષણ આપનાર નહીં, પરંતુ વિદ્યાર્થીના શ્રેષ્ઠ જીવન માટે માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. ઉપનિષદોમાં શિક્ષક–શિષ્ય પરંપરા દ્વારા જ્ઞાન સાથે મૂલ્યોનું સંક્રમણ દર્શાવવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં શિક્ષણ, શિક્ષક, વિદ્યાર્થી અને સમાજ; અને એ દ્વારા વિકાસ વિશે ગંભીરતાપૂર્વક વિચારવામાં આવ્યું છે ત્યારે યુનાઇટેડ નેશન્સ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) અંતર્ગત કુલ સત્તર લક્ષ્ય આપે છે જેમાં ચતુર્થ ધ્યેય તરીકે શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તેમાં સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું અને બધા માટે આજીવન શિક્ષણની તકોને પ્રોત્સાહન આપવાનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે. (સસ્ટેઇનેબલ ડેવલોપમેન્ટ ગોલ માટેની લિંકઃ https://sdgs.un.org/goals/goal4) વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પ્રણાલીઓમાં, ટકાઉ (સસ્ટેઈનેબલ) જીવન સુનિશ્ચિત કરવામાં શિક્ષણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આથી, આજના વૈશ્વિકીકરણ અને ટેકનોલોજી આધારિત અધ્યયન-અધ્યાપનના અને સ્પર્ધાત્મકતાના યુગમાં શિક્ષક પાસે બહુ અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે શિક્ષક માટે નૈતિક દઢતા જાળવવી એ એક પડકારરૂપ કાર્ય બની ગયું છે. આ સંદર્ભમાં પ્રાચીન ભારતીય ગ્રંથો, ખાસ કરીને તૈત્તિરીય ઉપનિષદ, શિક્ષકની નૈતિકતા માટે દિશાસૂચક બની શકે તેમ છે. આ સંશોધનનો

હેતુ તૈત્તિરીય ઉપનિષદના મુખ્ય નૈતિક મૂલ્યોને ઓળખી તેમને આધુનિક શિક્ષકના વ્યાવસાયિક વિકાસ સાથે સંકલિત કરવાનો છે.

**6. આધુનિક શિક્ષક-મૂલ્ય વિષયક સંકલ્પના**

આધુનિક શિક્ષકના વ્યાવસાયિક વિકાસમાં મૂલ્યનો અર્થ શિક્ષકની સતત શૈક્ષણિક, બૌદ્ધિક અને વ્યક્તિગત વૃદ્ધિ છે. તેમાં વિષયજ્ઞાનનું વિસ્તરણ, અધ્યાપનની પદ્ધતિઓમાં નવીનતા, સંશોધનની કુશળતા, ટેકનોલોજીનો હકારાત્મક ઉપયોગ અને નૈતિક જવાબદારીનો સમાવેશ થાય છે. UNESCO (2015) અનુસાર અસરકારક શિક્ષક-વિકાસ માટે મૂલ્યઆધારિત અભિગમ અનિવાર્ય છે.

Whatever the values assigned to these indicators, it is important to define the policy's mission in a way that ties teachers' work to the basic and universal educational objectives (Moon, 2013: 22–25; OECD, 2005: 30–33; World Bank, 2013). (UNESCO (2015), 27)

સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ માટેના શિક્ષણના સંદર્ભમાં પણ ટીચર પોલિસી ડેવલપમેન્ટ ગાઈડ કહે છે કે, Awareness of the unsustainable nature of many aspects of modern lifestyles and practices has prompted ESD, an approach to education based on the principle that education is key to promoting the values, behaviour and lifestyles necessary for a sustainable future. The UNESCO programme on Educating for a Sustainable Future has produced a teacher education programme, 'Teaching and learning for a sustainable future,' which aims to place environmental and sustainability issues at the heart of the teaching and learning process and to help learners 'better understand the world in which they live, addressing the complexity and interconnectedness of problems such as poverty, wasteful consumption, environmental degradation, population, health, conflict and human rights that threaten our future' (UNESCO, 2010b: www.unesco.org/education/tlsf/mods/theme_gs/mod0a.html). A teacher policy should include the principles of ESD in teacher training and ensure that other aspects of the policy, such as school governance, are coherent with principles of sustainable development (UNESCO, 2010b). (UNESCO (2015), 54-55)

શિક્ષણ નીતિમાં શિક્ષકની તાલીમમાં ESDના સિદ્ધાંતોનો સમાવેશ થવો જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે શાળા, પ્રશાસન જેવા નીતિના અન્ય પાસાંઓ ટકાઉ (સસ્ટેઈનેબલ) વિકાસના સિદ્ધાંતો (UNESCO, 2010b) સાથે મેળ ખાતાં હોય.

શિક્ષકના વ્યાવસાયિક વિકાસ અને મહત્ત્વ વિશે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 નોંધે છે કે, Teachers truly shape the future of our children - and, therefore, the future of our nation. It is because of this noblest role that the teacher in India was the most respected member of society. Only the very best and most learned became teachers. Society gave teachers, or gurus, what they

needed to pass on their knowledge, skills, and ethics optimally to students. The quality of teacher education, recruitment, deployment, service conditions, and empowerment of teachers is not where it should be, and consequently the quality and motivation of teachers does not reach the desired standards. The high respect for teachers and the high status of the teaching profession must be restored so as to inspire the best to enter the teaching profession. The motivation and empowerment of teachers is required to ensure the best possible future for our children and our nation. (National Education Policy-2020, 20)

શિક્ષકો ખરેખર આપણા બાળકોના ભવિષ્યને, અને તેથી આપણા રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપે છે. આ ઉમદા ભૂમિકાને કારણે જ ભારતમાં શિક્ષક સમાજનો સૌથી આદરણીય સભ્ય હતો. ફક્ત શ્રેષ્ઠ અને સૌથી વધુ વિદ્વાન લોકો જ શિક્ષક બન્યા. સમાજે શિક્ષકો અથવા ગુરુઓને તેમના જ્ઞાન, કુશળતા અને નીતિશાસ્ત્રને શ્રેષ્ઠ રીતે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે આવશ્યક હતું તે આપ્યું. વર્તમાન સમયમાં શિક્ષક પ્રશિક્ષણની ગુણવત્તા, ભરતી, નિમણૂંક, સેવાની શરતો અને શિક્ષકોનું સશક્તીકરણ; જેવાં હોવાં જોઈએ તેવાં નથી, અને પરિણામે શિક્ષકોની ગુણવત્તા અને પ્રેરણા ઇચ્છિત ધોરણો સુધી પહોંચતાં નથી. શિક્ષકો માટે ઉચ્ચ આદર અને શિક્ષણ વ્યવસાયનો ઉચ્ચ દરજ્જો પુનઃસ્થાપિત કરવો જોઈએ જેથી શ્રેષ્ઠ લોકોને શિક્ષણ વ્યવસાયમાં પ્રવેશવા માટે પ્રેરણા મળે. આપણાં બાળકો અને આપણા રાષ્ટ્ર માટે શક્ય શ્રેષ્ઠ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે શિક્ષક-પ્રેરણા અને સશક્તીકરણ અનિવાર્ય છે.

ભારતીય દૃષ્ટિકોણમાં વ્યાવસાયિક વિકાસને માત્ર સાધનાત્મક નહીં, પરંતુ સાધનાત્મકની સાથે આધ્યાત્મિક પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે. શિક્ષકનું કાર્ય ‘સેવા’ અને ‘સાધના’ બન્નેનું સંયોજન છે. ઉપનિષદોમાં જ્ઞાનને આત્મવિમર્શ અને આત્મશુદ્ધિ સાથે જોડવામાં આવ્યું છે, જે શિક્ષકના વ્યાવસાયિક વિકાસને વિશાળ અર્થમાં દર્શાવે છે.

A teacher who has attained the goal may help the aspiring soul. (C.U. IV. 9. 3. Katha I. 2. 8-9) Truth has not only to be demonstrated but also communicated: It is relatively easy to demonstrate a truth, but it can be communicated only by one who has thought, willed and felt the truth. Only a teacher can give it with its concrete quality. He that has a teacher knows, aachaaryavaana purusho veda (C.U. VI. 14. 2). Only he must be a proper teacher who embodies truth and tradition. Only those who have the flame in them can stir the fire in others. (Radhakrishnan S., (1953), 101-102).

ધ્યેય પ્રાપ્ત કરનાર શિક્ષક ઉચ્ચાભિલાષી આત્માને સહાય કરી શકે છે. શિક્ષકે સત્યનું માત્ર નિરૂપણ જ કરવાનું હોતું નથી, પણ તેને શિષ્ય સુધી પહોંચાડવાનું હોય છેઃ સત્ય દર્શાવવું પ્રમાણમાં સરળ છે, પરંતુ તે ફક્ત તે જ વ્યક્તિ તેને વ્યક્ત કરી શકે છે જેણે સત્ય વિશે વિચાર્યું હોય, ઇચ્છા રાખી હોય અને અનુભવ્યું હોય. ફક્ત એક શિક્ષક જ તે શ્રેષ્ઠ ગુણવત્તા સાથે આપી શકે છે. જેની પાસે શ્રેષ્ઠ શિક્ષક છે તે જાણે છે કે,

**आचार्यवान्पुरुषो वेद.** ફક્ત તે જ યોગ્ય શિક્ષક છે, જે સત્ય અને પરંપરાને મૂર્તિમંત કરે છે. જેમના પોતાનામાં જ્યોતિ પ્રજ્વલિત છે તે જ અન્યમાં પ્રકાશપુંજ ઉત્પન્ન કરી શકે છે.

### 7. ભારતીય નૈતિક મૂલ્યોની દાર્શનિક પૃષ્ઠભૂમિ અને તૈત્તિરીય ઉપનિષદ

ભારતીય નૈતિકતા ધર્મ, સત્ય, ઋત, કર્તવ્ય અને આત્માનુશાસન જેવી સંકલ્પનાઓ પર આધારિત છે. અહીં ધર્મનો અર્થ સંપ્રદાયિક આસ્થા નહીં, પરંતુ માનવીય અને સામાજિક ફરજ તરીકે લેવાય છે. ઉપનિષદોમાં સત્યને સર્વોચ્ચ મૂલ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે અને ઋતને બ્રહ્માંડના નૈતિક નિયમ તરીકે રજૂ કરવામાં આવ્યું છે (Olivelle, P. 1996, 38).

શિક્ષકના સંદર્ભે આ મૂલ્યોનો અર્થ થાય છે જ્ઞાનમાં પ્રામાણિકતા, વ્યવહારમાં ન્યાય અને કાર્યમાં પ્રતિબદ્ધતા. ભારતીય નૈતિક પરંપરા શિક્ષકને સમાજના નૈતિક ઘડતરમાં મુખ્ય ભૂમિકા આપતી હોવાથી શિક્ષકનું જીવન અને વર્તન પોતે એક શૈક્ષણિક સાધન બની જાય છે.

તૈત્તિરીય ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદ સાથે સંકળાયેલું ઉપનિષદ છે અને તૈત્તિરીય આરણ્યકના સાતથી નવ અધ્યાયોમાં જ આ ઉપનિષદ જોવા મળે છે. (Dave K. (1986), 15) તે ભારતીય દાર્શનિક પરંપરાનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. આ ઉપનિષદ મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વિભાજિત થયેલું છેઃ શીક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી.

'ઉપનિષદ' શબ્દમાં જ ગુરુ-શિષ્ય સંબંધ દર્શાવાયો છે; The word 'upanishad' is derived from upa (near), ni (down) and sad (to sit), i.e. sitting down near. Groups of pupils sit near the teacher to learn from him the secret doctrine. In the quietude of forest hermitages the Upanishad thinkers pondered on the problems of the deepest concern and communicated their knowledge to fit pupils near them. The seers adopt a certain reticence in communicating the truth. They wish to be satisfied that their pupils are spiritually and not carnally minded. To respond to spiritual teaching, we require the spiritual disposition. (Radhakrishnan S., (1953), 19)

'ઉપનિષદ' શબ્દ **उप** (નજીક), **नि** (નીચે) અને **सद्** (બેસવું) ધાતુ પરથી ઊતરી આવ્યો છે, એટલે કે નજીક બેસવું. વિદ્યાર્થીઓના જૂથ શિક્ષક પાસેથી ગુપ્ત-રહસ્ય સિદ્ધાંત શીખવા માટે તેમની પાસે-નજીક બેસે છે.

**तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥**

**(मुण्डकोपनिषद्**, 1.2.12)

પરમ જ્ઞાન ઇચ્છનાર શિષ્યે, શાસ્ત્રોમાં જાણકાર અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે હાથમાં સમિધા ગ્રહણ કરી જવું જોઈએ. અહીં સમિતપાણિ દ્વારા શિષ્યની નમ્રતા, સેવા અને યોગ્યતા દર્શાવવામાં આવી છે.

તૈત્તિરીય ઉપનિષદ મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વિભાજિત છેઃ શીક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી. શીક્ષાવલ્લી પ્રકરણના મુખ્ય વિષયો છેઃ ઉચ્ચારણ, બ્રહ્મજ્ઞાન, વ્યવહાર અને આચારણ. અહીં શિક્ષક અને શિષ્ય વચ્ચેના સંબંધને નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

**8. શાંતિમંત્ર/પ્રાર્થનામાં મૂલ્યોનું પ્રગટીકરણ**

શ્રીમદ્ શંકરાચાર્ય આ પ્રથમ વલ્લીને 'સંહિતોપનિષદ' તરીકે ઓળખાવે છે (**श्रीशांकरग्रन्थावलिः**, Vol. 8, 618). આ વાલ્લીનો પ્રથમ અનુવાક શાંતિમંત્ર છે અને તેમાં એક પ્રાર્થના આવેલી છેઃ

**'ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः। शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् । ॐ शांतिः शांतिः शांतिः ।'**

ૐકાર સ્વરૂપ પરમેશ્વરનું નામસ્મરણ કરીને આ ઉપનિષદનો આરંભ કરવામાં આવે છે. 'અમારે માટે (દિવસ અને પ્રાણનાં અધિષ્ઠાતા) મિત્ર દેવતા કલ્યાણપ્રદ હો; (રાત્રિ અને અપાનવૃત્તિનાં અધિષ્ઠાતા) વરુણ પણ કલ્યાણદાયી (હો); (ચક્ષુ અને સૂર્યમંડલનો અધિષ્ઠાતા) અર્યમા અમારે માટે કલ્યાણકારી હો; (બળ અને ભુજાઓનો અધિષ્ઠાતા) ઇન્દ્ર, (તથા) (વાણી અને બુદ્ધિનો અધિષ્ઠાતા) બૃહસ્પતિ (એ બન્ને) અમારે માટે શાંતિપ્રદ (બનો); જેનો પાદન્યાસ (ડગ) અત્યંત વિશાળ છે એ (પાદાભિમાની દેવતા) વિષ્ણુ અમારે માટે સુખદાયક હો. બ્રહ્મરૂપ વાયુને નમસ્કાર છે. હે વાયુ! તને નમસ્કાર છે. તું જ પ્રત્યક્ષ (પ્રાણરૂપે પ્રતીત થવાવાળું) બ્રહ્મ છો, (તેથી) તને જ હું પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ. (તું જ ઋતનો અધિષ્ઠાતા છો, તેથી હું તને) ઋત નામથી બોલાવીશ; (તું સત્યનો અધિષ્ઠાતા છો, તેથી હું તને) સત્ય નામથી બોલાવીશ; એ (સર્વશક્તિમાન પરમેશ્વર) મારી રક્ષા કરે, તે વક્તા (આચાર્ય)ની રક્ષા કરે; મારી રક્ષા કરે, (તેમ જ) (મારા) આચાર્યની રક્ષા કરે. ૐ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણે પ્રકારનાં દુઃખોનું શમન થાઓ.' (Marfatiya, M. (2010), 6-7)

અહીં આપણે જોઈએ છીએ કે, જ્ઞાનનો પ્રારંભ, અધ્યયન-અધ્યાપનનો પ્રારંભ પ્રાર્થનાથી થાય છે અને ગુરુ-શિષ્ય; બન્નેના કલ્યાણની પ્રાર્થના કરવામાં આવે છે.

બ્રહ્માનંદવાલ્લીના પ્રારંભે પણ આપણને કૃષ્ણ યજુર્વેદનો શાંતિમંત્ર મળે છેઃ

**'ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै । ॐ शांतिः शांतिः शांतिः ।'** (તૈત્તિ.ઉપ., 2-1) અમારા બન્ને(ગુરુ-શિષ્ય)નું એકસાથે રક્ષણ થાવ, અમે બન્ને સાથે ભોગવીએ, અમે બન્ને સાથે પરાક્રમ કરીએ, અમારા બન્નેનું અધ્યયન તેજસ્વી બનો, અમે બન્ને પરસ્પરથી દ્વેષ ન કરીએ.

આમ, ઉપનિષદમાં આવેલા બન્ને શાંતિમંત્રોમાં આપણે શિક્ષકની મૂલ્યનિષ્ઠાનો ખ્યાલ જોઈ શકીએ છીએ. તે પોતાની સાથે પોતાના શિષ્યનું કલ્યાણ ઇચ્છે છે અને સહુથી મહત્ત્વની બાબત છે કે તે કહે છે, '**मा विद्विषावहै** ।' અમે પરસ્પરનો દ્વેષ ન કરીએ. જ્ઞાનના યજ્ઞમાં પોતાનાથી આગળ રહેલા કે નીકળતા ગુરુ અને શિષ્ય; બન્ને માટે આ બહુ અગત્યનું શિક્ષણ છે, આપણે સાથે પરાક્રમ કરીશું, જ્ઞાનપ્રાપ્તિનો પ્રયત્ન સાથે મળીને કરતા રહીશું, પણ એક-બીજા તરફ દ્વેષ કે ઇર્ષાભાવથી બચીશું.

આધુનિક સમયના શિક્ષક માટે પણ આ કેટલું પ્રસ્તુત છે!

**9. ઉચ્ચારણના શિક્ષણથી આરંભી બ્રહ્મપ્રાપ્તિનું જ્ઞાન**

શીક્ષાવલ્લીનો દ્વિતીય અનુવાક શીક્ષાધ્યાય છે. શિક્ષા એ વેદમન્ત્રોના યોગ્ય સ્વરભાર સાથે ઉચ્ચારણનું શિક્ષણ આપતું, ષડ્ વેદાંગ અંતર્ગત આવેલું એક વેદાંગ છે. ઉપનિષદમાં તેને સ્થાન અપાતાં એક નવું જ પરિમાણ પ્રાપ્ત થાય છે. વેદોના કર્મકાણ્ડ સાથે જ ઉચ્ચારણને સંબંધ છે એમ નહિ, પરન્તુ જ્ઞાનકાણ્ડના અર્થભાવનની દૃષ્ટિએ પણ શુદ્ધ ઉચ્ચારણને અત્યાવશ્યક અંગ તરીકે જ સ્વીકારવું રહ્યું. શબ્દ હીરો અને ઉચ્ચારણ દાબડો હોય તો કોણ મૂર્ખ હીરાને છોડીને દાબડાને ગ્રહણ કરે? (Prasad, N., 20) એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો શંકરાચાર્ય યથાર્થ રીતે જ દર્શાવે છે કે, **अर्थप्रधानत्वादुपनिषदः ग्रन्थपाठे यत्नोपरमो मा भूदिति शीक्षाध्याय आरभ्यते ।** (श्रीशांकरग्रन्थावलिः, Vol. 8, 617)

શિક્ષક પોતાના વિદ્યાર્થીને યોગ્ય ઉચ્ચારણ શીખવે એ આવશ્યક છે. કારણ કે યથાર્થ અર્થનિષ્પત્તિ યોગ્ય ઉચ્ચારણ વિના શક્ય નથી. બ્રહ્મજ્ઞાન આપવા ઉદ્યત આચાર્ય અધ્યાપનનો પ્રારંભ ઉચ્ચારણ શીખવવાથી કરે છે; **शीक्षां व्याख्यास्यामः । वर्णः स्वरः ....** (તૈત્તિ.ઉપ., 1-2-1) શીક્ષાની વ્યાખ્યા કરીએ છીએ. અકારાદિ વર્ણ છે, હ્રસ્વાદિ સ્વર છે... અને ત્યારબાદ સંહિતાના ઉપનિષદ એટલે કે રહસ્યનું જ્ઞાન આપવાનો આરંભ કરે છે. તે પોતાના શિષ્યને બ્રહ્મપ્રાપ્તિનાં સાધનો વિશે જણાવે છે, **भूः**, **भुवः**, **सुवः** અને **महः** એમ ચાર વ્યાહૃતિઓનું જ્ઞાન આપે છે, **महः** એ બ્રહ્મ છે કહી (તૈત્તિ.ઉપ., 1-5-1), **ओमिति ब्रह्म ।** (તૈત્તિ.ઉપ., 1-8-1) - કહી બ્રહ્મજ્ઞાન આપે છે.

અને ઉપનિષદના આ આચાર્ય બ્રહ્મજ્ઞાન આપીને અટકતા નથી, બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને બ્રહ્મભૂત બનેલાં અને તેથી પ્રાપ્તિના આનંદે આકાશે ઊડતા અને આથી, '**अहं वृक्षस्य रेरिवा...**'(તૈત્તિ.ઉપ., 1-10-1) 'હું સસારવૃક્ષનો પ્રેરક છું'-ની લાગણી અનુભવતા, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા જઈ રહેલા શિષ્યને આચાર્ય દીક્ષાન્ત પ્રવચન (- ડૉ. મૃદુલા મારફતિયા આ શબ્દનો અર્થ Convocational Address (Marfatiya, M. (2010), 38) આપે છે) આપે છે;

**सत्यं वद । धर्मं चर ।... स्वाध्यायप्रवचनाभ्यायां न प्रमदितव्यम् ।** (તૈત્તિ.ઉપ., 1-11-1)

'સત્ય બોલ. ધર્મનું આચરણ કર... સ્વાધ્યાય અને પ્રવચનથી પ્રમાદ-આળસ ન કરીશ.' ગુરુ પાસેથી જ્ઞાન ગ્રહણ કરી ગૃહસ્થ જીવન માટે તૈયાર થયેલા શિષ્યને ગુરુ તેની અધ્યાપક તરીકેની જવાબદારીનું ભાન કરાવે છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશીને શિક્ષક તરીકેનું ક્ષેત્ર એ શિષ્ય અપનાવે ત્યારે તેણે સ્વાધ્યાય પણ નિયમિત રીતે કરવાનો છે, પોતે પૂર્વે કરેલા અધ્યયનને આધારે જ શિષ્યોને જ્ઞાન આપવાનું નથી. અને પોતાના શિષ્યોને પ્રવચન આપવામાંય આળસ કરવાની નથી.

આધુનિક સમયમાં પણ આ મૂલ્ય શિક્ષકના જીવન માટે મંત્ર સમાન છે. વ્યાવસાયિક વિકાસમાં સત્યનો અર્થ છે; શૈક્ષણિક ઈમાનદારી, સંશોધનમાં પ્રામાણિકતા અને મૂલ્યાંકનમાં ન્યાય. ધર્મનો અર્થ છે; શિક્ષક તરીકેની ફરજ પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા. આધુનિક સમયમાં 'લાઈફલૉંગ લર્નિંગ'ની સંકલ્પના ઉપનિષદીય સ્વાધ્યાયના વિચાર સાથે સુસંગત છે. સ્વાધ્યાય દ્વારા શિક્ષકે સ્વમૂલ્યાંકન પણ કરવાનું છે. શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ

સ્વાધ્યાય વિના - રોજબરોજની ગતિવિધિઓથી માહિતગાર ન રહે તો અધૂરો-અપૂર્ણ રહે છે. એટલે સ્વાધ્યાય દ્વારા તેણે પોતે વિકસવાનું છે અને પોતાના શિષ્યોના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવવાની છે.

આ પછી તૈત્તિરીય ઉપનિષદ કહે છેઃ 'માતાને દેવ સમાન માન, પિતાને દેવ સમાન માન. આચાર્યને દેવ સમાન માન. અતિથિને દેવ સમાન માન.' (તૈત્તિ.ઉપ., 1-11-2) અહીં, પોતાના માતા-પિતા અને આચાર્યને આદર આપવાની સાથે અચાનક તેના દ્વારે આવી ચડનાર અતિથિનો સત્કાર દેવ માનીને કરવાની વાત કરવામાં આવી છે.

આ મંત્રમાં આપણને '**आचार्य देवो भव ।**' કહેવામાં આવ્યું છે. આચાર્ય શબ્દની નિરુક્તિ આ પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ **आचार्यः आचारं ग्राहयति । आचिनोत्यर्थान् । आचिनोति बुद्धिमिति वा ।** (નિરુક્ત, 1-2) અર્થાત્ આચાર્ય આચરણનું ગ્રહણ કરાવે છે, અથવા અર્થનો સંગ્રહ કરાવે છે, અથવા શિષ્યની બુદ્ધિનો વિકાસ કરાવે છે. તૈત્તિરીય ઉપનિષદનો આચાર્ય કહે છે કે, **आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः ।** (તૈત્તિ.ઉપ., 1-11-1) આચાર્યને પ્રિય ધન તારે લાવી આપવાનું છે જ્ઞાનપ્રાપ્તિ થયા પછી તારે આચાર્યને એનું ઇચ્છિત ધન લાવીને આપવું અને પ્રજાતંતુનો ઉચ્છેદ ન કરવો. એટલે કે સંતાનોત્પત્તિ કરવી એ તારી જવાબદારી છે.

શીક્ષાવલ્લીમાં શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી પણ સ્પષ્ટ રૂપે દર્શાવવામાં આવી છે. આચારનું ગ્રહણ કરાવનાર શિક્ષક પોતે આચારવાન હોવો જોઈએ. તેને પોતાના આચાર દ્વારા એક આદર્શ ઊભો કરવો તેનાં માટે જરૂરી છે. માતા-પિતા વગેરે પ્રત્યે આદર રાખવાનો આદેશ કરી, આગળ કહે છે કે; **'यान्यनवद्यानि कर्माणि । तानि सेवितव्यानि। नो इतराणि । यान्यस्माकं सुचरितानि । तानि त्वयोपास्यानि । नो इतराणि ।'** (તૈત્તિ.ઉપ., 1-11-2) કર્મના કાર્યત્વ-અકાર્યત્વ વિશે મૂંઝવણ ઉપસ્થિત થાય તો અમારાં જે કર્મો 'અનવદ્ય' છે તેનું જ આચરણ કરજે. આચાર્યનું- આદરણીય વડીલનું પણ આંધળું અનુકરણ ન કરવું - તેની પણ માનવીય ભૂલોને સમજવાનું, ઓળખવાનું, તેનો સ્વીકાર કરવાનું અને અનુકરણમાં તેનો ત્યાગ કરવાનું આચાર્ય ભારપૂર્વક જણાવી રહ્યા છે. આચાર્ય પોતાના વિદ્યાર્થીને કહે છે કે, સમાજમાં અમારાથી પણ વધુ યોગ્ય વ્યક્તિઓ મળે તો તેનો આદર કરજો અને પ્રશ્ન ઊભો થાય તો સમદર્શી વિદ્વાનોની સલાહ લેજો. શિક્ષક પોતાના વિદ્યાર્થીને જ્ઞાનની સાથે સાથે યોગ્ય અને અયોગ્યને પારખવાની સમજ આપે છે.

આ મંત્ર શિક્ષકને જવાબદારીનો બોધ કરાવે છે. શિક્ષકનું વર્તન, ભાષા અને આચાર વિદ્યાર્થીઓ માટે જીવંત પાઠ બને છે. નૈતિક શુદ્ધ આચરણ શિક્ષકના વ્યાવસાયિક વિકાસનો આધારસ્તંભ છે અને વળી, શિક્ષકે એ પણ સ્વીકારવાનું છે કે તેની ભૂલ થવી પણ શક્ય છે. તે સમયે પોતાનો વિદ્યાર્થી પોતાની ભૂલોને ઓળખે અને પોતાના જીવનમાં અને વ્યવહારમાં તેનાથી બચે. શિક્ષકમાં સારા અને નરસાનો વિવેક હોવો આવશ્યક છે અને તો જ તે વિદ્યાર્થીને ઉત્તમ જીવન માટેનાં નૈતિક મૂલ્યો શીખવી શકે છે. પોતાની ભૂલો પણ હોઈ શકે એમ સ્વીકારનાર ઉપનિષદના આચાર્યની પ્રામાણિકતા પણ આપણે અહીં અનુભવીએ છીએ.

શીક્ષાવલ્લીના અંતે શિક્ષક શિષ્ય સમાજમાં, ગૃહસ્થજીવનમાં પ્રવેશ કરે પહેલાં કર્તવ્યબોધ કરાવે છે. અન્ય એક સામાજિક સામાજિક જવાબદારી પ્રત્યે તેને જાગૃત કરે છે. તેને દાન કરવાનો આદેશ કરે છે. તે કહે છે કે, **श्रद्धया देयम् । अश्रद्धयाऽदेयम् । श्रिया देयम् । ह्रिया देयम् । भिया देयम् । संविदा देयम् ।** (તૈત્તિ.ઉપ., 1-11-3) શ્રદ્ધાપૂર્વક દાન કરવું જોઈએ, અશ્રદ્ધાથી નહીં. સલજ્જ ભાવથી દાન કરવું જોઈએ, સભય દાન કરવું જોઈએ, સહાનુભૂતિપૂર્વક દાન કરવું જોઈએ.

ઉપનિષદનો શિક્ષક પોતાના શિષ્યને ઉચ્ચારણરૂપ પાયાથી શરૂ કરીને આત્મત્ત્વનું પરમજ્ઞાન આપે છે અને ગૃહસ્થ જીવનનું વ્યવહારિક જ્ઞાન પણ આપે છે, તેની સામાજિક જવાબદારીઓ વિશે પણ તેને જાગૃત કરે છે.

આમ, શિક્ષકની ભૂમિકા વર્ગખંડથી આગળ વધીને વિદ્યાર્થીના અને તે દ્વારા સમાજના નૈતિક વિકાસ સુધી વિસ્તરે છે. એક શિક્ષકે માત્ર વિદ્યાર્થીઓને પુસ્તકનું જ્ઞાન આપી કે વ્યવસાયિક જ્ઞાન આપીને અટકવાનું નથી તેને શ્રેષ્ઠ જીવન માટે તૈયાર કરવાનો છે. શિક્ષકમાં આગનો હશે તો જ તે પોતાના વિદ્યાર્થીમાં તેને પરાવર્તિત કરી શકશે, ઊતારી શકશે.

તૈત્તિરીય ઉપનિષદની તૃતીય વલ્લી ભૃગુવલ્લી છે. આ વલ્લીના આરંભે આપણને એક આખ્યાયિકા પ્રાપ્ત થાય છે. અહીં, પુત્ર અને શિષ્ય ભૃગુ પોતાના પિતા અને ગુરુ વરુણ પાસે જાય છે અને કહે છે કે, **'अधीहि भगवो ब्रह्मेति ।'** (તૈત્તિ.ઉપ., 3-1) 'હે ભગવન! મને બ્રહ્મનો ઉપદેશ આપો.' અને પિતા અને ગુરુ વરુણ જવાબ આપે છે કે, **'यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत् प्रयन्त्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व । तद् ब्रह्मेति ।'** (તૈત્તિ.ઉપ., 3-1) જેમાંથી આ સઘળાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેના વડે જન્મેલાં આ પ્રાણીઓ જીવે છે અને અંતે પ્રયાણ કરતી વખતે જેમાં પ્રવેશ કરે છે, તેને તું જાણ, તે બ્રહ્મ છે.

ભૃગુ પાછા ફર્યા અને તપ કર્યું. પરિણામે તેમને સમજાયું કે, આ બધું અન્નમાંથી જન્મે છે, એના વડે જ પોષણ પામી ટકે છે અને આખરે એમાં જ વિલીન થાય છે. તે આ જાણીને પિતા પાસે ગયા અને કહ્યું; 'મને બ્રહ્મનું જ્ઞાન આપો'. પિતાએ કહ્યું, 'તપ કર.' (તૈત્તિ.ઉપ., 3-2)

ભૃગુ પાછા ફર્યા અને પુનઃ તપ કર્યું. વળી નૂતન જ્ઞાન લાધ્યું અને એ પિતાજી પાસે પહોંચ્યા. કહ્યું, 'પ્રાણ એટલે કે વાયુ જ બ્રહ્મ છે, કેમ કે એમાંથી જ સૃષ્ટિનું સર્જન થાય છે, અસ્તિત્વ ટકે છે અને લય થાય છે,' (માધ્યમિક કક્ષાએ ક્યાંક વાયુચક્રો ભણવામાં આવતાં.) પણ, મને બ્રહ્મનું જ્ઞાન આપો.' પિતાજીએ એ સાંભળ્યું અને હજુ ય પુનર્વિચાર કરવા કહ્યું.

આ વખતે ભૃગુ પિતા પાસે પહોંચ્યા અને 'મન બ્રહ્મ છે', એ પોતાને લાધેલું જ્ઞાન રજૂ કર્યું. એ જ રીતે 'વિજ્ઞાન બ્રહ્મ છે,'ની અનુભૂતિ પણ મેળવી અને આખરે, 'આનંદ જ બ્રહ્મ છે'નું સર્વોપરિ સત્-તાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

જ્ઞાન જ્ઞાતથી અજ્ઞાત અને સ્થૂળથી સૂક્ષ્મ તરફની ગતિ છે એ આ કથા બહુ સરસ રીતે પ્રગટ કરે છે. અને સાથે સાથે અહીં ભૃગુ ઉત્તમ આચાર્ય છે. તૈયાર જવાબ આપવાને બદલે શિષ્યને જવાબ મેળવવા તરફ પ્રેરે છે. પોતાની જાતે વિચારવા; મનન કરવા અને નિદિધ્યાસન કરવા, મહેનત કરવા પ્રોત્સાહિત કરે છે.

આધુનિક સમયમાં પણ શિક્ષકની આ મૂળભૂત ફરજ છે કે તે પોતાના વિદ્યાર્થીને વિચારતો, સમજતો કરે. શિક્ષકે પણ માહિતીના વિસ્ફોટના આ સમયમાં અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પ્રભાવના શરૂઆતના આ ગાળામાં પોતે પ્રાપ્ત કરેલી માહિતી વિશે વિચારે, સમજે અને તેને નિદિધ્યાસન રૂપે જ્ઞાનમાં પરિવર્તિત કરે તે આવશ્યક છે.

**10. આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં ઉપનિષદીય મૂલ્યોની પ્રાસંગિકતા**

સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ સંદર્ભે વાત કરતાં યુનેસ્કો 'ટીચર પોલિસી ડેવલપમેન્ટ ગાઈડ'માં નોંધે છે કે, 'Teacher policy should also be linked to national civic and human rights legislation and policies. Teachers are called upon to instruct future citizens. They are also expected to serve as role models for a nation's commitment to basic civic and human rights, including non-discrimination in education and the larger society. Teacher policy needs to establish a framework for initial education, professional development and ethical codes that enshrines professional rights and responsibilities, and gives teachers the tools to teach and behave according to the highest professional standards, as model citizens (Tomasevski, 2004; UNESCO, 2014b)'. (UNESCO, 2015, 23).

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 સહિત આધુનિક શિક્ષણ નીતિઓ મૂલ્યઆધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. તૈત્તિરીય ઉપનિષદનાં મૂલ્યોને શિક્ષક તાલીમ કાર્યક્રમોમાં સામેલ કરવાથી શિક્ષકમાં નૈતિક નેતૃત્વ, કરુણા અને વ્યાવસાયિક પ્રતિબદ્ધતા વિકસી શકે છે.

The National National Education Policy 2020 Education Policy lays particular emphasis on the development of the creative potential of each individual. It is based on the principle that education must develop not only cognitive capacities - both the 'foundational capacities 'of literacy and numeracy and 'higher-order' cognitive capacities, such as critical thinking and problem solving – but also social, ethical, and emotional capacities and dispositions. (National Education Policy-2020, 3-4)

NEP-2020, UNESCO-2010 અને SDGના અધ્યયનથી આપણે જાણી શકીએ છીએ કે, આધુનિક શિક્ષકના વ્યાવસાયિક વિકાસમાં નીચેના પાસાં મહત્ત્વ ધરાવે છેઃ 1. નૈતિક નેતૃત્વ, 2. સામાજિક જવાબદારી, 3. આત્મમૂલ્યાંકન 4. માનવીય સંવેદનશીલતા 5. વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ અને એક શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા માટે નીચે દર્શાવેલ તમામ પાસાં વિશે તૈત્તિરીય ઉપનિષદ આપણું માર્ગદર્શન કરે છેઃ 1. મૂલ્યનું જ્ઞાન અને મૂલ્યશિક્ષણ 2. નૈતિક નેતૃત્વ 3. નિયમિત આત્મમૂલ્યાંકન, સ્વાધ્યાય-સ્વઅધ્યયન, 4. વિદ્યાર્થીનું મૂલ્યાંકન, જ્ઞાતથી અજ્ઞાત તરફની ગતિ 5. સામાજિક નિસબત, 6. જ્ઞાનની પ્રાપ્તિ સાથે વ્યાવહારિક સમજની આવશ્યકતા 7. યોગ્યાયોગ્ય/સારાસારની સમજ, 8. યોગ્ય માર્ગદર્શકની ઓળખ 9. જિજ્ઞાસા, મનન તથા નિદિધ્યાસન 10. વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ

તૈત્તિરીય ઉપનિષદના મૂલ્યો શિક્ષકને કુશળ, સંવેદનશીલ અને જવાબદાર વ્યાવસાયિક બનાવવામાં સહાયરૂપ થાય છે

**11. નિષ્કર્ષ**

અભ્યાસ દર્શાવે છે કે તૈત્તિરીય ઉપનિષદના મૂલ્યો શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટે સમયાતીત માર્ગદર્શન આપે છે. આધુનિક શિક્ષણમાં ટેકનોલોજી અને કુશળતાની સાથે જો આ મૂલ્યોનું સંકલન કરવામાં આવે તો શિક્ષણ વધુ માનવીય બની શકે છે.

શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ માત્ર અધ્યાપન કાર્યની કુશળતા સુધી મર્યાદિત ન હોવો જોઈએ. તૈત્તિરીય ઉપનિષદના સંદર્ભે ભારતીય નૈતિક મૂલ્યો શિક્ષકના સર્વાંગી વિકાસ માટે દિશાસૂચક છે. આ મૂલ્યોને જર્નલ-સ્તરના શિક્ષણ સંશોધનમાં સામેલ કરવાથી શિક્ષણ પ્રણાલી વધુ મૂલ્યનિષ્ઠ બની શકે છે.
ભારતીય શિક્ષણ પરંપરાની આ શ્લોકમાં અત્યંત સુંદર અને અદ્ભુત અભિવ્યક્તિ આપણને પ્રાપ્ત થાય છે; આ અશ્ચાર્યજનક હતું કે, વૃદ્ધ શિષ્ય અને યુવા ગુરુ એક વટવૃક્ષની નીચે હતા. ગુરુનું મૌન જ વ્યાખ્યાન બન્યું અને શિષ્યોનો સંશય દૂર થઇ ગયો.

चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तुच्छिन्नसंशयाः ॥ दक्षिणामूर्तिस्तोत्र-३॥

**સંદર્ભ સૂચિઃ**


- Olivelle, P. (1996). *The Early Upaniṣads*. New York, Oxford University Press.
- Radhakrishnan, S. (1923), *Indian philosophy* (Vol. 1). New York, The Macmillan Company.
- Müller, F. M. (1879). *The Upanishads (Part. 1)*. In F. M. Müller (Ed.), Sacred books of the East (Vol. 1). Oxford, The Clarendon Press.
- Ranade, R.D. (1926), *A Constructive Survey of Upanishadic Philosophy: Being a Systematic Introduction to Indian Metaphysics*, Poona, Oriental Book Agency
- Radhakrishnan, S. (1953), *The Principal Upaniṣads*, London, George, Allan & Unwin.
- UNESCO. (2015). *Teacher Policy Development Guide*. UNESCO Publishing. UNESCO https://unesdoc.unesco.org/ark:/48223/pf0000370966
- National Education Policy 2020, Ministry of Human Resource Development, Government of India https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NEP_Final_English_0.pdf
- Prasad, M. N., (1993), *The Taittiriyopaniṣad*, New Delhi, D. K. Printworld (P.) Ltd.
- श्रीशांकरग्रन्थावलिः (1910), (Vol. 8), Madras, Samata Books

- Marfatiya, M., (2010), *Taittiriyopanishad*, Ahmedabad, Gurjar GranthRatna karyalay.
- Solanki, K. (2008), *Upnishado*, Ahmedabad, parshva Prakashan
- Dave, K (1986), *Upnishad Navneet*, Ahmedabad, University GranthNirman board
- Tyagi, C., & Misra, P. K. (2022). Teacher professional development practices in ancient India: Evidence from Upanishads (c. 800 BCE–c. 500 BCE). International Journal of Research – GRANTHAALAYAH, 10(5), 139–153. https://doi.org/10.29121/granthaalayah.v10.i5.2022.4620


**ડૉ. સ્વાતિ એન. શાહ**, આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, એલ. આર. વળિયા આર્ટ્સ એન્ડ પી. આર. મહેતા કૉમર્સ કૉલેજ, ભાવનગર.

E-mail: swatidhaivat@gmail.com